**બિડાણઃ** ઉપસચિવશ્રી ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા.૦૮.૦૮.૨૦૧૪નો પરિપત્ર ક્રમાંકઃ પીએસસી / ૧૦૨૦૧૨ / ૬૫૦૧૮૬/ ગ–૨.

**વિષયઃ** વાયબ્રન્ટ ગુજરાત – ૨૦૧૫ના લોગોનો ઉપયોગ કરવા બાબત....

---

**જા.નં.નકૃયુ/રજી/અ.૩.૩/ ૯૫૩૬-૬૬ /૨૦૧૪.** **તાઃ૧૯/૦૮/૨૦૧૪**

**કુલસચિવ**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી**

**સામેલઃ** ઉપર મુજબ.

**<u>નકલ સવિનય રવાના જાણ તેમજ જરૂરી કાર્યવાહી થવા સારું :–</u>**

અત્રેની યુનિવર્સિટીના તમામ યુનિટ અને સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તેમજ

૨/– આ સાથે સામેલઉપસચિવશ્રી ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા.૦૮.૦૮.૨૦૧૪ પરિપત્રની વિગતોને ધ્યાને લઈ વાયબ્રન્ટ ગુજરાત – ૨૦૧૫ના લોગોનો ઉપયોગ કરવા અંગેની અમલવારી કરવાની રેહશે.

વાયબ્રન્ટ ગુજરાત -૨૦૧૫ના
લોગો નો ઉપયોગ કરવા બબત.

ગુજરાત સરકાર
ઉદ્યોગ અને ખાણ વિભાગ,
પરિપત્ર ક્રમાંક: એમઆઇએસ-૧૧૨૦૧૪-૩૯૭-આઇ,
સચિવલય, ગાંધીનગર.
તા.૦૮/૦૮/૨૦૧૪.
- 8 AUG 2014

પરિપત્ર :-

વર્ષ ૨૦૦૩ થી ગુજરાત સરકાર દ્વારા રોકાણકારોને તેઓના પ્રોજેક્ટ રાજ્યમાં સ્થાપવા અને આકર્ષવા માટે દર બે વર્ષે વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમિટનું આયોજન કરવામા આવે છે. વાયબ્રન્ટ ગુજરાત સમિટ એક વૈશ્વિક કક્ષાની સમિટ તરીકે પ્રસ્થાપિત થઇ છે. વાયબ્રન્ટ ગુજરાત -૨૦૧૫ સમિટ મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે આગામી તા.૧૧ થી ૧૩ જાન્યુઆરી, ૨૦૧૫ દરમિયાન યોજાનાર છે. આ ઇવેન્ટની સફળતા માટે આંતરિક તેમ જ બાહ્ય રીતે તેના બોહળા પ્રમાણમાં પ્રચાર થાય તે જરૂરી છે. આ માટે બધા સંચાર વ્યવસ્થા/ પત્રવ્યવહાર ક્ષેત્રે વાયબ્રન્ટ ગુજરાત – ૨૦૧૫ના લોગોનો ઉપયોગ વ્યાપક પ્રમાણમાં અચૂક રીતે થાય તે જરૂરી છે,

આથી, બધા પ્રકારની સંચાર વ્યવસ્થા, પત્રવ્યવહાર, લેટરહેડ, ઇ-મેલ, વેબસાઇટસ ઉપર બેનર વગેરે માં ફરજીયાત રીતે વાયબ્રન્ટ ગુજરાત – ૨૦૧૫ના લોગોનો ઉપયોગ કરવા સર્વેને સૂચના આપવામાં આવે છે. વાયબ્રન્ટ ગુજરાત – ૨૦૧૫ના લોગો અને વેબસાઇટસ બેનરની સોફ્ટ કોપી ઇન્ડેક્ષ્ટ-બી પાસેથી ઇ-મેલ આઇ.ડી. indextb@indextb.com ઉપરથી મેળવવાની રહેશે. સર્વે વિભાગોએ તેમના નિયંત્રણ હેઠળની ખાતાના વડાની કચેરીઓ, બોર્ડ, નિગમો, સંસ્થાઓ અને સરકારી કંપનીઓમાં આ સૂચનાનું અચૂક પાલન થાય તેવી કાળજી રાખવા અનુરોધ કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(આનંદ બિહોલા)
ઉપસચિવ
ઉદ્યોગ અને ખાણ વિભાગ

Vibrant GUJARAT 2015
11-13 Jan.
The Global Business Hub | 7th Global Summit

પ્રતિ ,

(૧) માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

(૨) માન. સર્વે મંત્રીશ્રીઓ / રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ ના અંગત સચિવશ્રીઓ,

(૩) મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી.

(૪) સચિવાલયના સર્વે વિભાગો

(૫) ઉદ્યોગ અને ખાણ વિભાગના સર્વે ખાતાના વડાઓ/બોર્ડ/ નિગમો/સંસ્થાઓ /કંપનીઓ.

(૬) ઉદ્યોગ અને ખાણ વિભાગની સર્વે શાખાઓ.

(૭) મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ઇન્ડેક્ષ્ટ-બી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર (વાયબ્રન્ટ ગુજરાત – ૨૦૧૫ ના લોગોની સોફ્ટ કોપી તેમ જ અન્ય વધુ વિગતો મોકલી આપવાની વિનંતીસહ.)

(૮) પસંદગી ફાઇલ.